ગુજરાત રાજયમાં પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે
મધ્યાહ્ન ભોજન યોજના અંતર્ગત સને ૨૦૧૩-૧૪માં
કુકીંગ કોસ્ટનો દર નક્કી કરવા બાબત.

**ગુજરાત સરકાર**

ઠરાવ ક્રમાંકઃ મભય/૧૦૨૦૦૯/૧૫૯૪/આર,
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૧૯ / ૧૧ /૨૦૧૩

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) ભારત સરકારની મ.ભો.યો. અંગે માર્ગદર્શક સુચનાઓ "NPNSPE-GUIDE LINES-2006"
(૨) શિક્ષણ વિભાગનો તા.૦૧/૦૨/૨૦૧૩ ના સરખા ક્રમાંકનો ઠરાવ
(3) ભારત સરકારનો તા.૨૨ /03/૨૦૧૩ના પત્ર ક્રમાંક-F. નં. ૧-૧/૨૦૦૯-ડેસ્ક-એમ.ડી.એમ.
(૪) કમિશ્નરશ્રી, મ.ભો.યો નો તા.૨૯/૮/૨૦૧૩ ના પત્ર ક્રમાંકઃ મભય/અજન/કુકીંગ કોસ્ટ/ વશી.૭૮૯ /૯૫૧૧

<u>ઠ રા વ</u>

ગુજરાત રાજયમાં સરકારી પ્રાથમિક શાળાઓ તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે,સંદર્ભ-(૧)માં જણાવેલ ભારત સરકારની મ.ભો.યો.અંગેની માર્ગદર્શક સુચનાઓ તથા ત્યારબાદની વખતો વખતની સુચનાઓ મુજબ કેન્દ્ર પુરસ્કૃત યોજના તરીકે " મધ્યાહ્ન ભોજન યોજના " અમલમાં છે.

૨. શિક્ષણ વિભાગના સંદર્ભ-(૨) માં દરશાવેલ તા.૧ /૨/૨૦૧૩ના ઠરાવથી સને.૨૦૧૨-૧૩ના વર્ષ માટે મ.ભો.યો.અંતર્ગત પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે કુકીંગ કોસ્ટના દર નિયત કરવામાં આવેલ છે.સંદર્ભ-(3)માં દર્શાવેલા ભારત સરકારના તા.૨૨/3/૨૦૧૩ના પત્રથી સને.૨૦૧૩-૧૪ના વર્ષ માટે કુકીંગ કોસ્ટના દરમાં ૭.૫ ટકા લેખે વધારો કરવાની માર્ગદર્શક સુચનાઓ આપવામાં આવેલ છે.જે સંદર્ભમાં કમી.મ.ભો.યો. તરફથી તા.૨૯/૮/૨૦૧૩ ના સંદર્ભ-(૪)માં દર્શાવેલ પત્રથી રાજયની પ્રાથમિક (ધોરણ ૧ થી ૫) અને ઉચ્ચ પ્રાથમિક (ધોરણ ૬ થી ૮)ના વિદ્યાર્થીઓ માટેના કુકીંગ કોસ્ટના હાલના દરો સુધારવાની દરખાસ્ત રજુ કરવામાં આવેલ હતી.

3.ઉકત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે સને ૨૦૧૩-૧૪માં કુકીંગ કોસ્ટનો દર નીચે મુજબ શરતોને આધીન નક્કી કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | ખાધ પદાર્થ | સને ૨૦૧૩-૧૪માં કુકીંગ કોસ્ટનો દર વિદ્યાર્થીદીઠ રૂપિયામાં | | | |
|---|---|---|---|---|---|
| | | ધોરણ ૧ થી ૫ | | ધોરણ ૬ થી ૮ | |
| ૧ | અનાજ (ધઉ/ચોખા) | 0.00 | | 0.00 | |
| ૨ | દાળ/કઠોળ | ૧.0૪ | | ૧.૫૬ | |
| 3 | શાકભાજી મરી-મસાલા,બળતણ | ૧.૮૮ | | ૨.૮૨ | |
| ૪ | તેલ | 0.3૯ | કુલ 0.૭૮ | 0.૫૯ | કુલ 0.૭૮ |
| | તેલમાં રાજ્ય સરકારનો વધારાનો હિસ્સો | 0.3૯ | | 0.૧૯ | |
| ૫ | ન્યુટ્રી કેન્ડી | 0.03 | | 0.03 | |
| | કુલ | 3.૭3 | | ૫.૧૯ | |

શરત- (૧).વંચાણે લીધેલ સંદર્ભ-(૨)હેઠળના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

(૨) આ સુધારેલ કુકીંગ કોસ્ટના દરનો અમલ આ ઠરાવ બહાર પડ્યા તારીખથી કરવાનો રહેશે.

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૧૫ /૧૧/૨૦૧૩ની અનુમતિની બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અનંત પટેલ)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ માન. મંત્રીશ્રીઓ/રા.ક. મંત્રીશ્રીઓ ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (પ્રા.શિ.), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (ખર્ચ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- શિક્ષણ વિભાગ હેઠળના ખાતાના વડાઓ,
- સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ.
- સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.

(ઉપરના ચાર: કમી.મ.ભ.યો.ગાંધીનગર મારફતે)

- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
- નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.